શ્રી વીતરાગાય નમઃ



# ઉપ્પનેઈવા
# વિગમેઈવા
# ધુવેઈવા

## ગુરુપ્રાણ આગમ બત્રીસી આધારિત પરિચય પુસ્તિકા

૧૨ ૧૩

## શ્રી ઉવવાઈ સૂત્ર - શ્રી રાયપસેણીય સૂત્ર

આશીર્વાદ

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.
પૂ. શ્રી મુક્ત-લીલમ ગુરુણીદેવા

રાષ્ટ્રસંત પૂ. પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.
ગુરુણીશ્રી પૂ. વીરમતીબાઈ મ.

આલેખન

- ડૉ. સાધ્વી આરતી
- સાધ્વી સુબોધિકા

## અનંત ઉપકારી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ
## શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

25th
પુણ્યસ્મૃતિ
ઉપલક્ષ

25th
પુણ્યસ્મૃતિ
ઉપલક્ષ

અહો ગુરુદેવ!
આપની આજ્ઞા સહ પરમ કૃપાએ
સાકાર પામેલી ગુરુ પ્રાણ
આગમ બત્રીસી આધારિત
આગમ પરિચય પુસ્તિકાઓ કૃતજ્ઞભાવે
આપના કરકમલમાં અર્પણ... **સમર્પણ...**

# શ્રી ઉવવાઈ સૂત્ર

શ્રી ઉવવાઈ–ઔપપાતિક સૂત્ર પ્રથમ ઉપાંગ સૂત્ર છે. આ આગમમાં શ્રુતસ્કંધ, અધ્યયન કે ઉદ્દેશક નથી, તેમ છતાં વિષય નિરૂપણના આધારે તેના બે વિભાગ કરી શકાય છે. **(૧) સમવસરણ અને (૨) ઉપપાત**

પ્રથમ વિભાગમાં ચંપાનગરી, પૂર્ણભદ્ર ચૈત્ય, વન, પૃથ્વીશિલા, રાજા, રાણી વગેરેનું અને ભગવાન મહાવીરસ્વામીના દેહ અને ગુણોનું કથન છે તથા ભગવાનના અંતેવાસી અણગારો, ભગવાનના દર્શનાર્થે આવતા ચારે પ્રકારના દેવોનું આગમન, ભગવાનના ધર્મોપદેશનું વર્ણન છે. બીજા વિભાગમાં ભિન્ન–ભિન્ન પ્રકારના તાપસ, પરિવ્રાજક, શ્રમણોના ઉપપાતનું વર્ણન છે. દેવ અને નૈરયિકના જન્મને ઉપપાત કહે છે. આ આગમમાં તાપસાદિનું વિવિધ પ્રકારની દેવગતિમાં ઉત્પન્ન થવાનું વર્ણન છે, તેના આધારે જ આ આગમનું નામ ઔપપાતિક સૂત્ર નિશ્ચિત થયું છે.

## પ્રથમ વિભાગ – સમવસરણ

ભગવાન મહાવીરસ્વામી વિચરતા હતા, તે સમયમાં ચંપાનગરીમાં કોણિકરાજા અને ધારિણીદેવીનું

રાજ્ય હતું. કોણિકરાજા ભગવાન મહાવીરસ્વામીના અનન્ય ભકત હતા. ભગવાનના રોજેરોજના વિહારના સમાચાર મેળવવા માટે કોણિકરાજાએ અનેક સંદેશવાહકોની નિમણુક કરી હતી. ભિન્ન–ભિન્ન પ્રદેશમાં રહેલા સંદેશવાહકો ભગવાનના વિહારના સમાચાર કોણિકરાજાને મોકલતા હતા. એકદા સંદેશવાહકે કોણિકરાજાને ભગવાન મહાવીરસ્વામી ચંપાનગરીની સમીપમાં પધાર્યા છે, તે સમાચાર આપ્યા. રાજાએ સંદેશવાહકને એક લાખ આઠ સોનામહોરો આપી સત્કાર કર્યો અને ભગવાન ચંપાનગરીમાં પધારે, તે શુભ સમાચાર શીઘ્ર આપવાનું સૂચન કર્યું અને ભગવાન જે દિશામાં બિરાજમાન હતા, તે દિશામાં સાત–આઠ કદમ આગળ ચાલી પ્રભુને ભાવપૂર્વક વંદન કર્યા. ગ્રામાનુગ્રામ વિહાર કરતા ભગવાન ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યમાં પધાર્યા.

**ચંપાનગરી** કિલ્લાથી સુરક્ષિત હતી. તેની ચારે દિશામાં અવર–જવર માટે ચાર દરવાજા હતા. રાજમાર્ગો, અનેક રસ્તાઓ, મોટી બજારો, વિવિધ પ્રકારની ક્રય–વિક્રય કરતી દુકાનોથી તે નગર સુશોભિત હતું. તેમાં પ્રજાજનોને સર્વપ્રકારની જરૂરિયાતો સહજતાથી પ્રાપ્ત થતી હતી. તેમાં ધન–ધાન્ય, ઘી–દૂધ વગેરેની પ્રચુરતા હતી. કૂવા, નદી,

તળાવોના કારણે પાણીની કયારેય અછત પડતી નહીં. દરેક વ્યકિત આજીવિકા મેળવી શકે તેવા વિવિધ પ્રકારના વ્યાપારો અને ઉદ્યોગોથી તે ધમધમતું હતું. તે પ્રજાજનોના આનંદ–પ્રમોદ માટે ઉદ્યાનો, પ્રેક્ષાગૃહો વગેરે દર્શનીય સ્થાનોથી સંપન્ન હતું. વિશાળ સૈન્યદળ નગરની સુરક્ષા કરતું હતું.

**પૂર્ણભદ્રચૈત્ય** – ચંપાનગરીની બહાર, ઈશાન ખૂણામાં નગરના ક્ષેત્રપાલ (નગરરક્ષક) પૂર્ણભદ્ર નામના યક્ષનું ચૈત્ય–મંદિર હતું. તે ચૈત્ય શિખર, કળશ, ધ્વજા, પતાકા અને ઘંટાઓથી સુશોભિત અને ધૂપ–દીપથી મધમધાયમાન રહેતું હતું. તેમાં સ્થાપિત યક્ષની પ્રતિમા લોકો માટે વંદનીય– પૂજનીય હતી. લોકો ભકિતભાવથી યક્ષની સેવા–પૂજા કરી લૌકિક ઈષ્ટ ફળની સિદ્ધિ કરતા હતા.

**વનખંડ–(ઉદ્યાન)** – પૂર્ણભદ્ર ચૈત્યની ચોમેર વનખંડ–ઉદ્યાન હતું. તે ઉદ્યાનમાં અશોક, તિલક, પુન્નાગ વગેરે વિવિધ પ્રકારના ઘટાદાર વૃક્ષો હતા. તે વૃક્ષોનો અંદરનો ભાગ પુષ્પો અને ફળોથી તથા બહારનો ભાગ પાંદડાઓથી આચ્છાદિત રહેતો હતો. તે ગોળાકાર અને લંબચોરસ આકારવાળી વાવડીઓ અને જલાશયોથી રમણીય લાગતું હતું. તે ઉદ્યાન લતાઓ, વેલાઓ અને પુષ્પોથી

નિર્મિત મંડપો, ક્રીડાગૃહો, સુંદર માર્ગો અને પતાકાઓથી સુશોભિત હતું. તે સુગંધી વૃક્ષોની સુગંધથી સર્વ લોકોને આનંદિત કરતું હતું. પૂર્ણભદ્ર ચૈત્યના આ વનખંડની મધ્યના એક અશોક વૃક્ષની નીચેનો મૂળભાગ તૃણાદિથી રહિત, સ્વચ્છ અને વિશુદ્ધ હતો.

**પૃથ્વીશિલાપટ્ટક** – અશોકવૃક્ષની નીચે, તેના થડથી થોડે દૂર એક સિંહાસન જેવી વિશાળ શિલા હતી. તે શિલા પાટ જેવી વિશાળ અને પૃથ્વીમય હોવાથી પૃથ્વીશિલાપટ્ટકના નામે પ્રસિધ્ધ હતી. તે આંખની કીકી જેવી ચમકતી અને સજલ મેઘ જેવી શ્યામ હતી. તે અષ્ટકોણીય હતી અને તેનો ઉપરી તલભાગ અરિસા જેવો ચળકતો હતો.

**કોણિકરાજા** – તે મહાહિમવાન પર્વતની જેમ શ્રેષ્ઠ હતા. તેઓ ઉજ્જવળ કુળ અને વંશમાં ઉત્પન્ન, પરિપૂર્ણ નિર્દોષ ઉત્તમ અંગોપાંગથી યુકત અને રાજલક્ષણોથી શોભિત હતા. અનેક રાજાઓ દ્વારા તેમનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો હતો. તેઓ ઉત્તમ ઐશ્વર્યશાળી હોવાથી મનુષ્યોમાં ઈંદ્રતુલ્ય હતા. પ્રજાનું રક્ષણ અને પોષણ સારી રીતે કરતાં હોવાથી પિતાતુલ્ય હતા. પ્રજાજનોને સન્માર્ગે લાવી સ્થિર કરતા હોવાથી સેતુકર હતા. તેઓ પુરુષસિંહ, પુરુષવ્યાઘ્ર, સર્પની જેમ સફળ કોપવાળા હોવાથી પુરુષાશીવિષ હતા. તેઓ

શારીરિકબળ, ધનબળ અને સૈન્યબળથી સંપન્ન હતા. તેમનું રાજ્ય સર્વ રીતે નિષ્કંટક હતું. લોકોને સર્વ સામગ્રી સુલભ હોય, કોઈપણ પ્રકારના વિઘ્ન કે કલહ ન હોય, તેવા રાજ્યનું અનુશાસન કરતા કોણિકરાજા ચંપાનગરીમાં રહેતા હતા.

**ધારિણીરાણી** – કોણિકરાજાની પટ્ટરાણી ધારિણીદેવી સ્ત્રીના ઉત્તમ લક્ષણોથી યુકત હતી. તેના હાથ–પગ અત્યંત કોમળ હતા. તે સર્વાંગ સુંદર અને સપ્રમાણ દેહની ધારક હતી. તેની સર્વ ઈન્દ્રિયો પરિપૂર્ણ, વિષય ગ્રહણમાં સક્ષમ હતી. તેના હાથની રેખાઓ સૌભાગ્ય સૂચક હતી. તેમનું મુખ શરદ પૂનમના ચંદ્ર જેવું સૌમ્ય હતું. તેની ચાલ ગજ કે હંસની ચાલ જેવી મોહક હતી. તેની વાણી કોયલ જેવી મીઠી મધુરી અને કર્ણપ્રિય હતી. તે ચતુર અને વ્યવહાર કુશળ હતી. તે શીલસંપન્ન અને ગુણસંપન્ન હતી. તે કોણિકરાજામાં અનુરક્ત અને તેને અનુકૂળ હતી. તે સુંદર વેશભૂષા, મધુર આલાપ–સંલાપ અને મનોહર ચેષ્ટાઓ દ્વારા રાજાને સદા પ્રસન્ન રાખતી હતી.

**ભગવાન મહાવીરસ્વામી** – ભગવાન મહાવીરસ્વામીની ઊંચાઈ ૭ હાથની હતી. તેઓ વજ્રઋષભનારાચ સંઘયણી (અતિ મજબુત હાડકાવાળા) અને સમચતુરસ્ર સંસ્થાની

(શોભાયમાન શરીરવાળા) હતા. સુવર્ણવર્ણી ભગવાન ૧૦૦૮ ઉત્તમ લક્ષણોના ધારક હતા. તેઓ સ્વયંસંબુદ્ધ હતા. આત્મિક પુરુષાર્થ દ્વારા ચાર ઘાતિકર્મોનો ક્ષય કરી કેવળ જ્ઞાન, કેવળદર્શનને પ્રાપ્ત કરીને, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘને સ્થાપનારા હતા. તેઓ શ્રુતધર્મ અને ચારિત્રધર્મની આદિ (પ્રારંભ) કરનારા હતા. તેઓ સંસાર સાગરને તરનારા અને અન્યને તરવાનો માર્ગ બતાવનારા હતા. દેવો, દાનવો, માનવો દ્વારા અર્ચનીય–પૂજનીય હતા. અરિહંતપદને પ્રાપ્ત અને સિદ્ધપદને પ્રાપ્ત કરવાની ભાવનાવાળા શ્રમણ ભગવાન મહાવીરસ્વામી વિચરતાં–વિચરતાં પોતાના ૧૪૦૦૦ સાધુઓ અને ૩૬૦૦૦ સાધ્વીના પરિવાર સાથે ચંપાનગરીનાં પૂર્ણભદ્ર ચૈત્યમાં પધાર્યા અને વનપાલકની આજ્ઞા લઈ અશોક વૃક્ષ નીચે પૃથ્વી શિલાપટ્ટક ઉપર બિરાજમાન થયા.

**ભગવાન મહાવીરસ્વામીના અંતેવાસી અણગારો –** ભગવાનના સાધુઓ શ્રુત–ચારિત્ર ધર્મથી સંપન્ન હતા. તે શ્રમણોએ કામભોગને કિંપાક ફળની જેમ દુઃખદાયી, પાણીના પરપોટાની જેમ ક્ષણભંગુર, ઓસબિંદુની જેમ ક્ષણજીવી સમજીને કામભોગોનો ત્યાગ કર્યો હતો. રાજ વૈભવોનો ત્યાગ કરી, ગૃહસ્થ (આગાર) જીવનનો ત્યાગ

કરી, કષાયોને ઉપશાંત કરી, અણગાર જીવનનો સ્વીકાર કરી દીક્ષિત થયા હતા.

તે શ્રમણો પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિથી યુકત હતા, ગુપ્તેન્દ્રિય, ગુપ્તબ્રહ્મચારી હતા. તેઓ પ્રતિબંધ–આસકિતથી રહિત હતા. તે અણગારો રત્નાવલી, કનકાવલી, એકાવલી આદિ વિવિધ પ્રકારે તપના કરનારા હતા. તેઓ ભિક્ષુની બાર પ્રતિમાઓ તથા મહાભદ્ર, સર્વતોભદ્ર, યવમધ્યચંદ્ર, વગેરે પ્રતિમાઓ–પ્રતિજ્ઞાને વહન કરનારા હતા. તેઓ અનેક લબ્ધિઓના ધારક હતા. બે, ત્રણ, ચાર જ્ઞાનના તથા કેટલાક કેવળજ્ઞાનના ધારક હતા. તેઓ ઓજસ્વી, તેજસ્વી, વર્ચસ્વી હતા. તેઓ કષાયવિજેતા, પરિષહવિજેતા, નિદ્રાવિજેતા, ઈંદ્રિયવિજેતા હતા. ક્ષમાદિ દશ યતિધર્મના પાલક હતા. બાહ્ય અને આભ્યંતર તપનું પાલન કરતા હતા.

**છ પ્રકારના બાહ્ય તપ ૧. અનશન તપ** – અનશન એટલે ઉપવાસ–આહારનો ત્યાગ. તેના બે ભેદ છે, **ઈત્વરિક અનશન** – અલ્પકાલીન અનશન. એક ઉપવાસ, બે ઉપવાસ, ત્રણ ઉપવાસથી લઈને છ માસી– છ મહિનાના ઉપવાસ કરવા. **યાવત્કથિત અનશન** (સંથારો) – જીવન પર્યંત ઉપવાસ કરવા અર્થાત મૃત્યુ ન આવે ત્યાં સુધી

ઉપવાસ કરવા. **૨. ઉણોદરી તપ** – ઉણોદરી એટલે આહારના પ્રમાણને, ક્રોધાદિ આવેશોને ઓછા કરવા. તેના બે ભેદ છે. **૧. દ્રવ્ય ઉણોદરી–તેના બે ભેદ છે** વસ્ત્ર–પાત્ર ઓછા રાખવા **તે ઉપકરણ દ્રવ્ય ઉણોદરી છે.** ૩૨ કવલ (કોળીયા) પ્રમાણ આહાર પ્રમાણોપેત ભોજન કહેવાય છે, ૩૨ કવલ કરતા ઓછા કવલ લેવા **તે ભકતપાન દ્રવ્ય ઉણોદરી** છે. તેમાં આઠ કવલ પ્રમાણ આહાર કરે, તો અલ્પાહાર ઉણોદરી કહેવાય છે. બાર કવલ પ્રમાણ આહાર અપાર્ધ ઉણોદરી, સોળ કવલ પ્રમાણ આહાર અર્ધ ઉણોદરી, ચોવીસ કવલ પ્રમાણ આહાર ચતુર્થાંશ ઉણોદરી અને ૩૧ કવલ પ્રમાણ આહાર કિંચિત્ ઉણોદરી કહેવાય છે. **૨. ભાવ ઉણોદરી** ક્રોધ, માન, માયા, લોભની માત્રા ઘટાડવી, અલ્પ શબ્દ બોલવા (ઓછું બોલવું), કષાયને વશ થઈને ન બોલવું. **૩. ભિક્ષાચર્યા તપ** – ભિક્ષાચર્યા એટલે ભિક્ષા ગ્રહણ કરવી. સાધુ અભિગ્રહ (વિશિષ્ટ સંકલ્પપૂર્વક) ભિક્ષા ગ્રહણ કરે, તો તે ભિક્ષાચર્યા તપ છે, જેમ કે અમુક ખાદ્યપદાર્થ મળશે, તો જ તે ભિક્ષા ગ્રહણ કરીશ, અમુક સ્થાનમાંથી મળશે, તો જ ભિક્ષા ગ્રહણ કરીશ, આવી પ્રતિજ્ઞા સાથે નીકળે અને તે પ્રકારની ખાદ્ય સામગ્રી આદિ મળે, તો જ ગ્રહણ કરે, અન્યથા ગ્રહણ

ન કરે. **૪. રસપરિત્યાગ તપ** – રસ પરિત્યાગ એટલે રસવંતા આહારનો ત્યાગ કરવો, યથા – ઘી, દૂધ, દહીં, તેલ, સાકર, ગોળ વગેરે વિગય રહિત આહાર લેવો, વઘાર કર્યા વિનાનો, માત્ર બાફેલો આહાર કરવો, સ્વાદ વિનાનો આહાર લેવો, લુખો–સૂકો આહાર લેવો, આયંબિલ કરવી. **૫. કાયકલેશ તપ** – કાયકલેશ એટલે કાયાને કષ્ટ આપવું. વિવિધ પ્રકારના આસનમાં સ્થિત થવું, ઉત્કટ (ઉભડક) આસન, સ્થાનસ્થિતિક, પલાંઠી વાળીને બેસવું, દંડની જેમ લાંબા હાથ રાખી સૂવું, એક પડખે સૂવું વગેરે આસન કરી દીર્ઘકાલ પર્યંત રહેવાથી કાયાને કષ્ટ પહોંચે છે. **૬. પ્રતિસંલીનતા તપ** – પ્રતિસંલીનતા એટલે વિષય કે કષાયમાં સંલીન (લીન) બનેલી ઈંદ્રિયો અને મનને પાછા વાળવા. અનુકૂળ શબ્દ શ્રવણાદિમાં રાગ અને પ્રતિકૂળ શબ્દ શ્રવણાદિમાં દ્વેષ ન કરવો. ક્રોધના ઉદયને રોકવો, જો ક્રોધનો ઉદય થઈ જાય, તો ક્રોધના ઉદયમાં ભળવું નહીં, ક્રોધાદિના ઉદયને નિષ્ફળ બનાવવો.

મનમાં આવતા અશુભ વિચારોને છોડી શુભ વિચારમાં જોડાવું. ખરાબ–પરપીડાદાયી વચનો બોલવા નહીં, સારા અને સદ્‌વચન બોલવાનો અભ્યાસ કરવો, કાયાને સ્થિર કરવી, તે પ્રતિસંલીનતા તપ છે.

**૭ પ્રકારના આભ્યંતર તપ –**

**૧. પ્રાયશ્ચિત** – પ્રાયશ્ચિત એટલે ગુરુ સમક્ષ પોતાના દોષો પ્રગટ કરી, તેની શુદ્ધિ માટે તપ આદિનો સ્વીકાર કરવો. આલોચના, પ્રતિક્રમણ, ઉપવાસ–આયંબિલ, દીક્ષાનો છેદ વગેરે પ્રાયશ્ચિતના દશ પ્રકાર છે. **૨. વિનય–** વિનય એટલે વડિલોની સેવા–ભક્તિ કરવી, તેમનો સત્કાર કરવો, સન્માન જાળવવું. જ્ઞાન, જ્ઞાની, જ્ઞાનના સાધનો પ્રતિ બહુમાનભાવ રાખવો. દેવ–ગુરુ–ધર્મ પ્રતિ શ્રદ્ધા રાખવી, ચારિત્રસંપન્ન વ્યકિતનો આદર કરવો. ગુરુજનોની આશાતના ન કરવી. વડિલો પાસે બેસવું, તેઓની ઈચ્છા પ્રમાણે પ્રવૃત્તિ કરવી. તેમના ઉપકારને યાદ રાખી કૃતજ્ઞતાના ભાવપૂર્વક સેવા કરવી, રોગી–વૃદ્ધ વડિલોની સાર–સંભાળ લેવી, ઔષધ–પથ્યનું સેવન કરાવવું, તે વિનય તપ છે. **૩. વૈયાવૃત્ય –** વૈયાવૃત્ય એટલે સેવા. વડિલો, તપસ્વી, બીમાર વગેરેની પ્રસન્ન ચિત્તે સેવા કરવી. આચાર્ય ઉપાધ્યાય, નવદીક્ષિત, સાધર્મિકોની સેવા કરવી. **૪. સ્વાધ્યાય** – સ્વાધ્યાય એટલે આત્માને હિતકારી વાંચન, અધ્યયન કરવું, આળસનો ત્યાગ કરી, સમય મેળવી જ્ઞાન આરાધના કરવી, શીખેલા જ્ઞાનનું પુનરાવર્તન કરવું, શાસ્ત્રોનું અધ્યયન કરાવવું. **૫. ધ્યાન** – ધ્યાન એટલે એક વસ્તુના ચિંતનમાં ચિત્તને

સ્થિર કરવું, ચિત્તનો નિરોધ, ચિત્તની એકાગ્રતા. **ધ્યાનના ચાર પ્રકાર છે : ૧) આર્તધ્યાન–** ઈષ્ટનો વિયોગ ન થાય, અનિષ્ટનો સંયોગ ન થાય, રોગ દૂર કરવા અને પ્રાપ્ત ભોગોમાં આસકત બની તે ભોગની સામગ્રી દૂર ન થાય તેનું ચિંતન કરવું. **૨) રૌદ્રધ્યાન** – હિંસા, જૂઠ, ચોરી અને શરીર કે ભોગ સામગ્રીની સુરક્ષા માટે રૌદ્ર, સંકિલષ્ટ પરિણામમાં દત્તચિત્ત બની જવું. **૩) ધર્મધ્યાન** – જિનેશ્વરની આજ્ઞાનું ચિંતન કરવું, દુઃખના કારણોનું ચિંતન કરવું, કર્મના ફળની વિચારણા કરવી, લોકસ્વરૂપનું ચિંતન કરવું. **૪) શુકલધ્યાન** – શોકને અર્થાત મોહનીયકર્મને નષ્ટ કરે, તે શુકલધ્યાન. આઠમાથી ચૌદમા ગુણસ્થાન સુધી શુકલધ્યાન હોય છે. શુકલધ્યાનથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન સંસારવર્ધક છે. ધર્મધ્યાન અને શુકલધ્યાન સંસારનાશક છે. **૬. વ્યુત્સર્ગ તપ** – શરીર તથા શરીરના મમત્વનો ત્યાગ કરવો, એકાકી સાધના કરવી, ગણના મમત્વને છોડવું, સાધનો કે ઉપકરણોના મમત્વ ભાવને છોડવો અને આહાર પાણીની લોલુપતાનો ત્યાગ કરવો, તે દ્રવ્યવ્યુત્સર્ગ છે. ક્રોધાદિ કષાયોનો ત્યાગ કરવો, કર્મબંધ (કર્માશ્રવ)નો ત્યાગ કરવો, આઠ કર્મના બંધને રોકવો, તે વ્યુત્સર્ગ તપ છે. ભગવાનના શ્રમણો બાર

પ્રકારના તપ દ્વારા કર્મોની મહાનિર્જરા કરતાં હતા. આવા ગુણસંપન્ન શિષ્યો સહિત ભગવાન પૂર્ણભદ્ર ઉદ્યાનમાં પધાર્યા, ત્યારે ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક ઈંદ્રો–ઈંદ્રાણીઓ, દેવો–દેવીઓ પ્રભુના દર્શનાર્થે આવ્યા. ચંપાનગરીમાં લોકોને પ્રભુ પધાર્યા છે, તેવી જાણ થતાં લોકોના ટોળેટોળા પ્રભુના દર્શન કરવા તથા દેશના સાંભળવા આવવા લાગ્યાં. વનપાલકે કોણિક રાજાને ભગવાન મહાવીર સ્વામીના પદાર્પણની વધામણી આપી, રાજાએ અત્યંત હર્ષિત બની મુગટ સિવાયના સર્વ અલંકારો વનપાલકને આપ્યા અને સિંહાસન ઉપરથી ઊભા થઈને પરોક્ષ રૂપે પ્રભુને વંદના–નમસ્કાર કર્યા. ત્યારપછી સ્નાનાદિ કરી, તૈયાર થઈ, હાથી ઉપર આરૂઢ થઈ ચતુરંગિણી સેના સાથે પ્રભુના દર્શનાર્થે નીકળ્યા. પ્રભુને દૂરથી જોતાં જ રાજા હાથી ઉપરથી ઉતરી પગપાળા ચાલતા પાંચ અભિગમ– શ્રાવકના પાંચ શિષ્ટાચાર છે, યથા– **૧.** પુષ્પ વગેરે સચિત્ત વસ્તુનો ત્યાગ કરીને **૨.** મોજડી વગરે અચિત્ત વસ્તુનો ત્યાગ કરીને **૩.** મોઢા આડે વસ્ત્ર રાખીને **૪.** પ્રભુ દષ્ટિગોચર થયા, ત્યારથી જ હાથ જોડીને અને ૫. મનને એકાગ્ર કરીને, ભગવાનની સમીપે ગયા.

આ વિશાળ પરિષદ્‌ને ભગવાને કૌંચ પક્ષીના

મંજુલ સ્વર જેવી મધુર તથા ગંભીર વાણીથી અટકયા વિનાની સ્પષ્ટ, સર્વ ભાષામાં પરિણમન પામતી, એક યોજનમાં ફેલાતી, અર્ધમાગધી ભાષામાં ધર્મોપદેશ આપ્યો. ભગવાન ધર્મનો ઉપદેશ આપે તેને દેશના અથવા નિર્ગ્રંથ પ્રવચન કહે છે. સાંભળવા આવેલાં જનસમુદાયને પરિષદ કહે છે. તે સમયે ભગવાને ઋષિઓ, મુનિઓ, યતિઓ, તથા બાર પ્રકારની (ચાર પ્રકારના દેવો–દેવીઓ, મનુષ્ય પુરુષો, મનુષ્યસ્ત્રીઓ, નર–માદા પશુઓ–પક્ષીઓ) પરિષદને દેશના આપી. ભગવાનની દેશના સાંભળી કેટલાક ભવ્ય જીવોએ શ્રમણધર્મ અને કેટલાકે શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. કેટલાક લોકોએ નિર્ગ્રંથ પ્રવચન (ભગવાનનો ઉપદેશ) પ્રતિ શ્રદ્ધાને દઢ કરી અને અહોભાવ પ્રગટ કર્યો. તત્પશ્ચાત પ્રભુને ત્રણ વંદન કરી, દેવો–માનવો સહુ સ્વસ્થાને ગયા.

## બીજો વિભાગ

### ઉપપાત – પરલોકમાં ઉત્પત્તિ

જે જીવો સમ્યગ્દર્શન સહિત, આરાધનાપૂર્વક આરાધકપણે મૃત્યુ પામીને દેવલોકમાં ઉત્પન્ન થાય છે, તે જીવો પછીના જન્મોમાં પણ જૈનધર્મ પામી આરાધનાની

યોગ્યતા પ્રાપ્ત કરે છે અને આરાધના કરી આરાધક બને છે. જે જીવો અકામ નિર્જરા કે અજ્ઞાનતપથી અંત સમયે કોઈ પણ આરાધના કર્યા વિના દેવલોકમાં ઉત્પન્ન થાય છે, તે જીવોને પછીના ભવમાં આરાધના યોગ્ય વાતાવરણ પ્રાપ્ત થતું નથી. જે જીવો જીવન દરમ્યાન લાગેલા દોષોની અંત સમયે આલોચના કે પ્રાયશ્ચિત ગ્રહણ કર્યા વિના મૃત્યુ પામે છે, તે વિરાધક છે, તેને ભવાંતરમાં સાધનાને યોગ્ય સામગ્રી મળતી નથી.

(૧) ત્રસ જીવોની ક્રૂરતાપૂર્વક હિંસા કરનારા જીવો નરકમાં ઉત્પન્ન થાય છે. (૨) અનિચ્છાએ કષ્ટ સહન કરી અકામ નિર્જરા કરનારા વિરાધક જીવો વ્યંતરદેવમાં ઉત્પન્ન થાય છે. (૩) અન્ય દ્વારા પ્રાપ્ત બંધન, વધ આદિને સહન કરનારા, કામપૂર્તિના અભાવમાં અપમૃત્યુથી મરનારા, પ્રકૃતિથી ભદ્ર, વિનીત, અલ્પારંભી મનુષ્યો, પરવશ–પરાધીનપણે બ્રહ્મચર્યનું પાલન કરનારા, અજ્ઞાનતપનું આચરણ કરનારા મિથ્યાત્વી, અસંકલિષ્ટ પરિણામી વિરાધકો વ્યંતરદેવમાં ઉત્પન્ન થાય છે. (૩) સાંસારિક સંબંધોનો ત્યાગ કરી, વિવિધ પ્રકારના વ્રત–નિયમ ધારણ કરનારા, યજ્ઞ અને ફળાહાર કરનારા, વારંવાર સ્નાન કરનારા, નદી કિનારે વાસ કરનારા વાનપ્રસ્થ સંન્યાસીઓ

વિરાધકભાવે જ્યોતિષ્ક દેવ રૂપે ઉત્પન્ન થાય છે. (૪) શાકયાદિ શ્રમણો જે વિદૂષક, ભાટવૃત્તિથી હસાવવાની ક્રિયા કરનારા વિરાધક શ્રમણો કાંદર્પિક પ્રકારના વૈમાનિક દેવ થાય છે. (૫) ચાર વેદના જ્ઞાતા, શૌચધર્મ–દેહશુદ્ધિમાં ધર્મ માનનારા, કોઈ બેસાડી દે તો વાહનમાં બેસનારા, માર્ગમાં આવતા જલાશય–નદીમાં ચાલનારા, લીલી વનસ્પતિના સ્પર્શના ત્યાગી, વિકથાના ત્યાગી, ભગવા વર્ણના વસ્ત્રધારી, જેને પ્રસ્થ–આઢક પ્રમાણ પાણી કોઈ આપે, તો લેવું કલ્પે છે, તેવા પરિવ્રાજકો પાંચમા બ્રહ્મલોક નામના દેવલોકમાં વૈમાનિક જાતિના દેવ રૂપે ઉત્પન્ન થાય છે. (૬) ગુરુ વગેરેનો અપયશ કરનારા, ખોટા દોષ પ્રગટ કરનારા ગુરુ પ્રત્યનીક શ્રમણો વિરાધક ભાવે ત્રીજા કિલ્વષીમાં વૈમાનિકદેવ રૂપે ઉત્પન્ન થાય છે. (૭) આજીવિક (ગોશાલક)ના શ્રમણો, મંત્ર–તંત્રનો પ્રયોગ કરનારા, આભિયોગિક શ્રમણો વિરાધકભાવે વૈમાનિક દેવમાં બારમા અચ્યુત દેવલોકમાં ઉત્પન્ન થાય છે. (૮) જાતિસ્મરણજ્ઞાનથી વ્રતોનું પાલન કરનારા, પશુ વગેરે તિર્યંચો આરાધક ભાવે વૈમાનિકદેવોમાં આઠમા સહસ્રાર દેવલોકમાં ઉત્પન્ન થાય છે. (૯) તીર્થંકર પરમાત્માના નિર્ગ્રંથ પ્રવચનના કોઈ એક વિષયનો નિષેધ કરી, વિપરીત પ્રરૂપણા કરનારા નિહ્નવો

વિરાધકભાવે ઉત્કૃષ્ટ નવમા ગ્રૈવેયક સુધી ઉત્પન્ન થાય છે. (૧૦) બાર વ્રતધારી શ્રાવકો આરાધકભાવે વૈમાનિક દેવોમાં ઉત્કૃષ્ટ બારમા દેવલોકમાં ઉત્પન્ન થાય છે. (૧૧) મહાવ્રતધારી સંયમી આરાધકશ્રમણો આરાધકભાવે મોક્ષમાં અથવા વૈમાનિકદેવોમાં ઉત્કૃષ્ટ સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થાય છે. (૧૨) અપ્રમત (પ્રમાદ રહિત) શ્રમણો મોક્ષ ગતિને પ્રાપ્ત થાય છે.

**અંબડ પરિવ્રાજક** – ભગવાન મહાવીરસ્વામીના સમયમાં અંબડ નામના પરિવ્રાજક હતા. તેઓ ભગવાન મહાવીરસ્વામીના સમાગમમાં આવ્યા અને પરિવ્રાજકપણામાં જ રહીને, તેણે શ્રાવક વ્રતોનો સ્વીકાર કર્યો. તેઓ જૈનધર્મ પ્રતિ દઢ શ્રદ્ધાવાન હતા. તેમને વૈક્રિય લબ્ધિ અને અવધિજ્ઞાન પ્રાપ્ત થયા હતા. તેના પ્રયોગથી તેઓ ચમત્કાર બતાવવા પોતાના ૧૦૦ રૂપ બનાવી એક સાથે ૧૦૦ ઘરોમાં આહાર અને નિવાસ કરતા હતા. અંત સમયે એક મહિનાનું અનશન કરી આરાધક ભાવે બ્રહ્મલોક નામના પાંચમા દેવલોકમાં વૈમાનિક દેવરૂપે ઉત્પન્ન થયા છે અને મહાવિદેહક્ષેત્રમાંથી સિદ્ધ ગતિને પ્રાપ્ત કરશે.

**અંબડ પરિવ્રાજકના ૭૦૦ શિષ્યો** –

અંબડ પરિવ્રાજકે ભગવાન મહાવીરસ્વામી પાસે બાર વ્રત સ્વીકાર કર્યા હતા, ત્યારે તેમના ૭૦૦ શિષ્યોએ પણ વ્રત સ્વીકાર્યા હતા. એકવાર તેઓ વિહાર કરતાં–કરતાં અટવી પાર કરી રહ્યા હતા. તેઓ તૃષાતુર બન્યા, પણ નિર્જન અટવીમાં જલના દાતા કોઈ ન મળ્યા. તેઓએ અદત્તાદાન વિરમણ વ્રતને દઢતાપૂર્વક ટકાવી રાખવા ગંગા નદીના કિનારે અનશન કરી આરાધકભાવે દેહનો ત્યાગ કર્યો, પણ અદત્ત પાણી ગ્રહણ ન કર્યું. તેઓ પાંચમા બ્રહ્મલોક નામના વૈમાનિક દેવલોકમાં ઉત્પન્ન થયા.

જે શ્રમણો સિદ્ધગતિમાં ઉત્પન્ન થાય છે, તેઓ સિદ્ધ થયા પૂર્વે ચાર ઘાતિ કર્મોનો ક્ષય કરી અવશ્ય કેવળ જ્ઞાનને પ્રાપ્ત કરે છે. જે કેવળી ભગવાનના આયુષ્યની સ્થિતિ અલ્પ હોય અને વેદનીય, નામ, ગોત્ર કર્મની સ્થિતિ દીર્ઘ હોય, તેઓ આઠ સમયનો કેવળીસમુદ્‌ઘાત કરી, ચારે કર્મોની સ્થિતિને સમ કરે છે. આ કેવળી સમુદ્‌ઘાત સમયે આખા લોકમાં ફેલાયેલા આત્મપ્રદેશો દ્વારા કર્મની નિર્જરા થાય છે. નિર્જરાના તે પુદગલોને સામાન્યજનો જોઈ શકતા નથી. સર્વ કેવળી ભગવંતો અંતિમ અંતર્મુહૂર્તમાં યોગ નિરોધ કરી, અયોગી અવસ્થાને પ્રાપ્ત કરી, એક સાથે ચારે અઘાતિ કર્મોનો ક્ષય કરી, અશરીરી બની, એક સમય

માત્રમાં લોકાગ્રે– સિદ્ધક્ષેત્રમાં પહોંચી જાય છે અને અનંત આત્મિક સુખનો અનુભવ કરતા, ત્યાં સ્થિત થાય છે. **સિદ્ધશિલા** – ઊર્ધ્વલોકમાં સર્વાર્થસિદ્ધ મહાવિમાનની ધ્વજાથી ૧૨ યોજન ઉપર (ઊંચે) સિદ્ધશિલા છે. તે ૪૫ લાખ યોજન લાંબી–પહોળી, મધ્યમાં આઠ યોજન જાડી અને તે જાડાઈ ઘટતાં–ઘટતાં સિદ્ધશિલાના પર્યંત–અંતિમ કિનારીના ભાગે માખીની પાંખ કરતા વધુ પાતળી છે. **સિદ્ધક્ષેત્ર** – સિદ્ધશિલાથી એક યોજન ઉપર લોકાંત છે. તે અંતિમ યોજનના ચાર ગાઉમાંથી અંતિમ ગાઉના છઠ્ઠા વિભાગમાં અર્થાત્ ૩૩૩ ધનુષ્ય અને ૩૨ અંગુલ પ્રમાણ ઊંચાઈ અને ૪૫ લાખ યોજન લંબાઈ–પહોળાઈવાળું સિદ્ધક્ષેત્ર છે. ત્યાં અનંત સિદ્ધ ભગવંતો બિરાજે છે. **સિદ્ધ ભગવાન** અશરીરી, નિરંજન, નિરાકાર હોય છે. અંતિમ શરીરથી ત્રીજો ભાગ ન્યૂન સિદ્ધોની અવગાહના હોય છે. સિદ્ધ ભગવાન પોતાના સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપમાં અનંતકાલ સુધી સ્થિર રહે છે.

## શ્રી રાયપસેણીય સૂત્ર

શ્રી રાયપસેણીય–રાજપ્રશ્નીય સૂત્ર બીજું ઉપાંગ સૂત્ર છે. આ આગમમાં શ્રુતસ્કંધ કે અધ્યયનના વિભાજન

નથી. તેમ છતાં તેમાં વર્ણિત પરદેશી રાજાના બે ભવના આધારે તેના બે વિભાગ થઈ જાય છે. પ્રથમ વિભાગમાં સૂર્યાભદેવ અને તેના સૂર્યાભવિમાનનું વર્ણન છે અને બીજા વિભાગમાં પરદેશી રાજાનું વર્ણન છે.

## પ્રથમ વિભાગ : સૂર્યાભદેવ

સૌધર્મ નામના પ્રથમ દેવલોકના સૂર્યાભવિમાનના અધિપતિ સૂર્યાભદેવે અવધિજ્ઞાન દ્વારા આમલકલ્પા નગરના ઉદ્યાનમાં બિરાજમાન ભગવાન મહાવીરસ્વામીને જોયા. પ્રભુને જોતા જ સિંહાસન ઉપરથી ઊભા થઈ, પ્રભુ જે દિશામાં હતા તે દિશામાં ૭–૮ પગલા આગળ જઈ, જમણો ઢીંચણ જમીન ઉપર ઢાળી, ડાબો ઢીંચણ ઊભો રાખી, પ્રભુને વંદન કરી ગુણસ્તુતિ કરી. ત્યારપછી પ્રભુના પ્રત્યક્ષ દર્શન કરવા આવવાનો વિચાર કરીને સૂર્યાભદેવે પ્રથમ પોતાના સેવક દેવોને પ્રભુની આસપાસની એક યોજનની ભૂમિને સ્વચ્છ સુગંધિત કરવા મોકલ્યા. તત્પશ્ચાત સેનાપતિ દેવને, સૂર્યાભવિમાનવાસી દેવોને પ્રભુના દર્શનાર્થે આવવાની જાણ કરવા, ઉદ્‌ઘોષણા કરવા કહ્યું. સેનાપતિ દેવે સુસ્વરા નામની ઘંટા ત્રણવાર વગાડી. તેનો અવાજ સૂર્યાભવિમાનમાં સર્વત્ર પ્રસરી ગયો અને વિવિધ કાર્યમાં પ્રવૃત્ત દેવો ઉદ્‌ઘોષણા સાંભળવા તત્પર બન્યા, ત્યારે

પ્રભુના દર્શનાર્થે આવવાની સર્વ દેવોને ઉદ્દ્ઘોષણા કરાવી. સૂર્યાભદેવની આજ્ઞાથી સેવકદેવોએ એક લાખ યોજનના અદ્ભુત યાન–વિમાનની રચના કરી.

**યાન–વિમાન**– તે યાનની ત્રણ દિશામાં સોપાન શ્રેણી હતી. તે યાન પંચરંગી ધ્વજાઓ, છત્ર, ઘંટ, કમળોના ગુચ્છથી સુશોભિત હતું. વિમાનની મધ્યમાં મણીમય ઓટલા ઉપર સૂર્યાભદેવનું સિંહાસન અને તેની ચારેબાજુ દેવીઓના, સામાનિક દેવોના, ત્રણ પરિષદના દેવોના અને સેનાપતિ, અંગરક્ષક દેવોના ભદ્રાસનો ગોઠવ્યા. સૂર્યાભદેવ વગેરે દેવો પોતાના સ્થાને બેસી ગયા પછી યાનની આગળ અષ્ટમંગલ, પૂર્ણ કળશ, ઝારી, છત્ર, ચામરો, પતાકાઓ, મહેન્દ્રધ્વજ આગળ ચાલવા લાગ્યા અને તેની પાછળ વિશાળ યાને–વિમાને પ્રયાણ શરૂ કર્યું. મધ્યલોકમાં પ્રભુ સમીપે આવીને તેઓએ પ્રભુને વંદના નમસ્કાર કર્યા, પ્રભુની દેશના સાંભળી તથા પોતે ભવી, સમ્યગ્દષ્ટિ, પરિત સંસારી, સુલભબોધિ, આરાધક અને ચરમશરીરી છે અર્થાત્ વર્તમાનનો દેવ ભવ અંતિમ દેવ ભવ છે. તેવું પ્રભુના શ્રીમુખે જાણી આનંદિત થયા.

ગૌતમાદિ અણગારોને પોતાની ઋદ્ધિ બતાવવા સૂર્યાભદેવે બંને ભુજામાંથી ૧૦૮ દેવકુમારો, ૧૦૮

દેવકુમારીકાઓ બહાર કાઢી, વાજિંત્રના નાદ સાથે ૩૨ પ્રકારના નાટક બતાવ્યા. તેમાં અષ્ટમંગલ, ક,ખ,ગ વગેરે નાટકોમાં દેવકુમારો –દેવકુમારિકાઓએ તે–તે આકારમાં ગોઠવાઈને અભિનયો કર્યા. ચંદ્રોદય–સૂર્યોદય વગેરે નાટકોમાં તે–તે દશ્યો પ્રગટ કર્યા અને બત્રીસમાં નાટકમાં ભગવાનના પૂર્વભવો અને વર્તમાન ભવની જન્માદિ ઘટનાઓને તાદશ કરી. ત્યાર પછી પોતાની ઋદ્ધિ સંકેલી લીધી અને યાન દ્વારા સ્વસ્થાને ગયા. સૂર્યાભવિમાન સંબંધિત ગૌતમ સ્વામીની જીજ્ઞાસાને પૂર્ણ કરતા ભગવાને સૂર્યાભવિમાનનું વર્ણન કર્યુ.

**સૂર્યાભવિમાનનું સ્થાન** – ઊર્ધ્વલોકમાં સૌધર્મકલ્પ નામના પ્રથમ દેવલોકના ૩૨ લાખ વિમાનોની મધ્યમાં શક્રેન્દ્રનું સૌધર્માવતંસક વિમાન છે. તેની પૂર્વમાં અસંખ્યાત યોજનદૂર સાડાબાર લાખ યોજન લાંબું–પહોળું સૂર્યાભવિમાન છે.

**સૂર્યાભવિમાન** – સૂર્યાભવિમાનની ચારેબાજુ ૩૦૦ યોજન ઊંચો કોટ (કિલ્લો) છે. તે કિલ્લામાં પ્રત્યેક દિશામાં ૧૦૦૦–૧૦૦૦ દરવાજાઓ છે. તે પ્રત્યેક દરવાજાઓની બંને બાજુએ ૧૬–૧૬ બેઠકો (ઓટલાઓ) છે. અને તે બેઠકો ઉપર પંકિતબદ્ધ ૧૬–૧૬ ની સંખ્યામાં ચંદનકળશો, પુતળીઓ, ઘંટાઓ, વનરાજીઓ, ખીંટીઓ ઉપર લટકતી માળાઓ,

ધૂપપાત્ર મૂકેલા શીંકાઓ વગેરે છે. તે દરવાજાઓ ઉપર ચક્ર, હંસ વગેરેના ચિહ્નવાળી ૧૦૮૦ ધ્વજાઓ લહેરાતી રહે છે. તે પ્રત્યેક દરવાજા ઉપર પાંસઠ–પાંસઠ ભવનો છે. સૂર્યાભવિમાનમાં ચારે દિશામાં એક–એક, કુલ ચાર વનખંડો (ઉદ્યાનો) છે. તેમાં વાવડીઓ, જલાશયો છે. જલાશયોમાં જલમંડપો, જલમહેલો છે.

**સુધર્માદિ પાંચ સભા** – સૂર્યાભવિમાનની બરાબર મધ્યમાં સુધર્મા સભાની અંદર ઉત્તર દિશામાં ૪૮૦૦૦ બેસવાના ઓટલા અને સૂવાની શય્યાઓ છે. સુધર્માસભાની મધ્યમાં માણવકસ્તંભ છે. તે સ્તંભની ઉપર શીંકાઓ લટકાવેલા છે અને તેમાં જિનઅસ્થિના દાબડાઓ છે. માણવક સ્તંભની પશ્ચિમ દિશામાં દેવશય્યા છે અને તેના ઈશાનખૂણામાં માહેન્દ્રધ્વજ છે. તેની પશ્ચિમમાં સૂર્યાભદેવનો શસ્ત્રભંડાર છે.

**સુધર્મસભાના** ઈશાનખૂણામાં **ઉપપાતસભા** છે. આ સભાની મધ્યમાં સૂર્યાભદેવને ઉત્પન્ન થવાની દેવદૂષ્યથી ઢાંકેલી દેવ શય્યા છે. ઉપપાતસભાની ઈશાન દિશામાં એક જળાશય છે. તેના ઈશાન ખૂણામાં **અભિષેક સભા** છે. તેમાં સૂર્યાભદેવના દેવપણાના અભિષેક માટેની અભિષેક સમાગ્રીઓ છે. તેના ઈશાન ખૂણામાં **અલંકાર સભા** છે. તેમાં સૂર્યાભદેવના અલંકારો છે. તેની ઈશાન

વિદિશામાં **વ્યવસાયસભા** છે, તેમાં સૂર્યાભદેવના ફરજ–કર્તવ્યને સૂચિત કરતું પુસ્તકરત્ન છે. ચોથા આરાના અંતિમ ભાગમાં સૂર્યાભદેવ દેવશય્યામાં ઉત્પન થયા. નવા ઉત્પન્ન થયેલા સૂર્યાભદેવે જળાશયમાં સ્નાન કર્યુ. દેવોએ સૂર્યાભવિમાનવાસીઓના અધિપતિપણાનો અભિષેક કર્યો. અલંકારસભામાં તે અંલકૃત થયા અને વ્યવસાયસભામાં બેસી પોતાના કાર્યોથી માહિતગાર થયા. સુધર્માસભામાં સિંહાસન ઉપર બેઠા અને ભગવાનને જોતાંવેત દર્શન કર્યા અને અમલકલ્પાનગરીમાં ભગવાનના દર્શન કરવા આવ્યાં.

## બીજો વિભાગ : પરદેશી રાજા

સૂર્યાભદેવ પોતાની ઋદ્ધિ બતાવી, ભગવાનના દર્શન કરી સ્વસ્થાને ચાલ્યા ગયા પછી ગૌતમસ્વામીએ ભગવાનને પૂછ્યું – સૂર્યાભદેવને આવી મહાઋદ્ધિ કેવી રીતે પ્રાપ્ત થઈ ? સૂર્યાભદેવ પૂર્વ ભવમાં કોણ હતા ? તેઓએ શું દાન આપ્યું ? કેવું આચરણ કર્યું, કેવા ધાર્મિક વચનો સાંભળ્યા કે તેઓ મહાપ્રભાવશાળી દેવ થયા છે ? પ્રત્યુત્તરમાં ભગવાને સૂર્યાભદેવના પૂર્વના પરદેશી રાજાના ભવનું વર્ણન કર્યુ.

અવસર્પિણીકાળના ચોથા આરામાં પાર્શ્વનાથ

ભગવાનના ચોથા પટ્ટધર (આચાર્ય) કેશીસ્વામીના વિચરણ સમયમાં કેકયાર્ધ દેશની રાજધાની શ્વેતાંબિકા નગરીમાં પરદેશીરાજાનું રાજ્યશાસન ચાલતું હતું. આ પરદેશીરાજા અધાર્મિક, હિંસાના પ્રવર્તક, પાપના અવતાર, રુશ્વતખોર, માયાવી હતા. તે દેશનો વહીવટ બરાબર ચલાવતા ન હતા. પ્રજાજનો તેનાથી અસંતુષ્ટ અને દુઃખી હતા. તેનામાં વ્રત અને શીલની મર્યાદા ન હતી. તે ઉપવાસાદિ કરતા નહી. ગુરુજનો પ્રતિ આદર–વિનય, બહુમાન ભાવ તેનામાં ન હતા. રાજાને સૂરિકંતા નામની પટ્ટરાણી અને સૂરિકંત નામનો પુત્ર હતો. તે રાજાને મિત્ર તુલ્ય, વડિલભાઈ તુલ્ય, તત્કાલ ઉકેલ લાવી શકે તેવી ઔત્પાતિકી આદિ બુદ્ધિના ધારક, દરેક કાર્યમાં સલાહ આપી શકે તેવા અને સમગ્ર રાજ્યની ધુરા વહન કરતા ચિત્ત નામના સારથી (પ્રધાન) હતા.

એકદા સમયે પરદેશી રાજાએ તેના આધીનસ્થ (ખંડીયા) રાજાને ભેટ આપવા ચિત્ત સારથીને શ્રાવસ્તી નગરીમાં મોકલ્યા. તે સમયે જાતિસંપન્ન, કુલ સંપન્ન, ચાર જ્ઞાનના ધારક, પાર્શ્વપરંપરાના કેશીસ્વામી શ્રાવસ્તી નગરના કોષ્ટક ઉદ્યાનમાં બિરાજમાન હતા. ચિત્ત સારથીએ જિતશત્રુ રાજાને પરદેશી રાજાની ભેટ આપી. તત્પશ્ચાત

તેઓ કેશીસ્વામીના દર્શન કરવા ગયા અને તેમનો ઉપદેશ સાંભળી શ્રાવક વ્રતનો સ્વીકાર કર્યો. ચિત્ત સારથીને નિર્ગ્રંથ પ્રવચનનો રંગ હાડોહાડની મિજ્જાએ લાગી ગયો. કેશી શ્રમણના સંપર્કથી ચિત્તને એમ લાગ્યું કે આ શ્રમણ પરદેશી રાજાને સમજાવવામાં, સુધારવામાં સમર્થ છે. જો રાજાનું હૃદયપરિવર્તન થાય, વૃત્તિમાં કોમળતા આવે, તો દેશનું કલ્યાણ થાય અને સમસ્ત પ્રજા સુખનો શ્વાસ લઈ શકે, તેવા વિચારથી તેણે કેશીસ્વામીને શ્વેતાંબિકા નગરીમાં પધારવા વારંવાર વિનંતી કરી.

ચિત્ત સારથીની વિનંતીને લક્ષ્યમાં રાખી કેશી સ્વામી યથાવસરે શ્વેતાંબિકા નગરના મૃગવન ઉદ્યાનમાં પધાર્યા. ઉદ્યાનપાલકો દ્વારા કેશીસ્વામીના પદાર્પણની જાણ થતાં ચિત્ત સારથી તેમના દર્શનાર્થે ગયા. **ચિત્ત** – આપ જો અમારા પરદેશી રાજાને ધર્મોપદેશ આપશો, તો ઘણાનું ભલું થશે.

**કેશીસ્વામી** – હે ચિત્ત ! જીવ ચાર કારણે કેવળી પ્રરૂપિત ધર્મનું શ્રવણ કરી શકતા નથી. ૧. ઉદ્યાનમાં પધારેલા શ્રમણના દર્શનાદિ કરવા જતાં નથી, તે ધર્મ શ્રવણ કરી શકતા નથી. ૨. ઉપાશ્રયમાં પધારેલા શ્રમણને વંદનાદિ કરવા જતાં નથી, ૩. જે ગોચરીએ પધારેલા શ્રમણને

આહારાદિ વહોરાવતા નથી કે ધર્મ સંબંધી પ્રશ્નાદિ પૂછતા નથી, ૪ સાધુ રસ્તામાં મળી જાય તો, હાથ, છત્ર, વસ્ત્રથી જાતને છૂપાવે, રસ્તો તારવી ચાલ્યા જાય, અર્થાત જે મનુષ્યો સાધુની નજીક આવતા નથી, તેઓ ધર્મનું શ્રવણ કરી શકતા નથી. તમારા રાજા અમારા જેવા શ્રમણ પાસે આવે નહીં, તો તેને ધર્મોપદેશ કેવી રીતે આપવો ? **ચિત્ત** – હું ઘોડા ખેલાવવા આદિ કોઈ બહાને રાજાને આપની પાસે લઈ આવીશ. તમો અચકાયા વિના, ગ્લાનિ અનુભવ્યા વિના ઈચ્છાનુસાર ધર્મોપદેશ આપજો. આ પ્રમાણે કહી ચિત્ત સારથી કેશીસ્વામીને વંદન કરી સ્વસ્થાને ગયા. બીજા દિવસે ચિત્ત સારથીએ પરદેશી રાજાને કહ્યું, કંબોજ દેશના ચાર ઘોડાને શિક્ષિત કર્યા છે. તેની પરખ માટે આપણે રથમાં જઈએ. ચિત્તની વાત સ્વીકારી રાજા રથમાં આરૂઢ થયા ચિત્તસારથીએ રથને પૂરપાટ દોડાવ્યો અને રાજાને બહુ દૂર લઈ ગયા. રાજા ગરમી અને ધૂળથી એકદમ થાકી ગયા અને વિશ્રામ માટે ઈચ્છા કરી, ત્યારે ચતુર અને સમયજ્ઞ ચિત્તે જ્યાં કેશીસ્વામી બિરાજમાન હતા, તે ઉદ્યાનમાં વિશ્રામ લેવાનું પસંદ કર્યુ.

ઉદ્યાનમાં બંને વિશ્રામ કરતા હતા, ત્યાં રાજાની નજર વિશાળ સભાને મોટા અવાજે ધર્મોપદેશ આપતા કેશી

શ્રમણ ઉપર પડી. રાજાને વિચાર આવ્યો, "આ જડ આળસુ લોકો જડની, મુંડ (–નિર્લજ્જ) મુંડની, અવિવેકી મૂઢ લોકો મૂઢની સેવા કરે છે. એવો તે આ કોણ છે કે જે જડ, મુંડ, મૂઢ હોવા છતાં પ્રતિભાસંપન્ન છે?" તેણે ચિત્ત સારથીને પૂછ્યું, આ શું ખાતો હશે કે આવું તેજસ્વી શરીર છે ? આ શું આપતો હશે કે આટલી મેદની ભેગી થઈ છે અને તેની વચ્ચે બેસીને આ શું બરાડા પાડે છે ? મારા કાને તેના બરાડા જ અથડાય છે, તેથી હું મારી ભૂમિમાં વિશ્રામ લઈ શકતો નથી.

ચિત્તે કહ્યું –આ પાર્શ્વનાથ ભગવાનની પરંપરાના, ચાર જ્ઞાનના ધારક કેશીકુમાર શ્રમણ છે. તેઓ જીવ અને શરીરને ભિન્ન માનનારા છે. આ સાંભળી તેને કેશીસ્વામી પાસે જવાનું મન થયું. પોતે વરસોથી શરીરથી ભિન્ન આત્માને શોધી રહ્યો હતો. તે માટે ઘણા–ઘણા પ્રયોગો કર્યા હતા, તેમાં સફળતા ન મળતા, શરીર તે જ જીવ અને જીવ તે જ શરીર છે, તેવી માન્યતા ધરાવતા થઈ ગયા હતા. પોતાના શોધખોળના વિષયની વાત આવતા રાજા કેશીસ્વામી પાસે જવા તૈયાર થઈ ગયા.

ચિત્ત સારથી અને પરદેશી રાજા કેશી શ્રમણ પાસે પહોંચ્યા કે તુરંત જ પરદેશી રાજાએ ઊભા–ઊભા જ

પૂછ્યું, શું તમે જીવ અને શરીરને જુદા માનો છો ? **કેશીશ્રમણ** – તમે વિનય ન કરવાની ભાવનાથી નમ્રતાથી પ્રશ્ન પૂછતા નથી. શું તમને મને જોઈને આ જડ, મુંડ, મૂઢ લોકો જડ, મુંડ, મૂઢની ઉપાસના કરે છે, તેવો વિચાર આવ્યો છે ? રાજાને આશ્ચર્ય થયું કે મારા મનોગત વિચારોને આ વ્યક્તિએ કેવી રીતે જાણી લીધા હશે ? તે બાબત પૂછતા કેશીસ્વામીએ મનઃપર્યવજ્ઞાનથી જાણ્યા, તે પ્રમાણે કહ્યું. **પરદેશી રાજા**– અહીં આપની પાસે બેસું ? **કેશીસ્વામી** – આ ઉદ્યાન ભૂમિ તારી પોતાની છે. અહીં બેસવું, ન બેસવું, તે તારી મરજીની વાત છે. ચિત્ત અને પરદેશી ત્યાં નિરાંતે બેઠા અને જીવ અને શરીર એક છે, તદ્‌વિષયક ૧૦ પ્રશ્નો પરદેશી રાજાએ રજૂ કર્યા અને કેશી શ્રમણે તેનું સમાધાન કરી જીવ અને શરીર ભિન્ન–ભિન્ન છે. તે વાત સિદ્ધ કરી યથા–

**(૧) પરદેશી** – મારા દાદા મારા જેવા જ અધાર્મિક, પાપી હતા. હું તેમનો પ્રિય વહાલો પૌત્ર હતો. તમારા મતે તેઓ નરકે જ ગયા હોય. તેઓ મને આવીને કેમ કહેતા નથી કે તું મારી જેમ અધર્મનું આચરણ કરીશ, તો તારે મારી જેમ નરકના દુઃખ ભોગવવા પડશે ? મારી માન્યતા અનુસાર, તો શરીરની સાથે જ દાદાનો જીવ નાશ પામ્યો છે, તેથી

તેઓ કહેવા આવતા નથી. **કેશીસ્વામી** – તારી રાણી અન્ય પુરુષ સાથે ભોગ ભોગવતા પકડાય જાય અને તે પુરુષને તું શૂળીએ ચડાવતો હોય, ત્યારે તે તને કહે કે થોડીવાર ખમી જાઓ, હું મારા સ્વજનોને મળી આવું, તો તું તેમ કરવા ન દે. તે પકડાયેલો પુરુષ સ્વજનો પાસે જઈ શકતો નથી, તેમ (૧) નારકીઓની તીવ્ર વેદના, (૨) પરમાધામી દેવોની પરતંત્રતા, (૩) નરકમાં ભોગવવા યોગ્યકર્મ ક્ષીણ થયું ન હોવાથી તથા (૪) નરક આયુષ્ય ક્ષીણ થયું ન હોવાથી, આ ચાર કારણે નારકી અહીં આવી શકતા નથી.
**(૨) પરદેશી** – મારા દાદીમાં ખૂબ ધાર્મિક હતા. તેઓ વ્રતધારી શ્રાવિકા હતા. તમારા મતે તેઓ દેવલોકમાં ગયા હોય. તેમનો હું વહાલસોયો પૌત્ર હતો. મારા દાદીમા મને ધર્મનું આચરણ કરવાનું કહેવા આવતા નથી, તેથી હું માનું છું કે મારા દાદીમાના શરીરના નાશ સાથે તેમનો આત્મા નાશ પામ્યો છે. અન્યથા તેઓ મને અધર્મથી રોકવા આવે જ. **કેશીસ્વામી** – તું સ્નાન કરી દેવ મંદિરમાં જતો હો, તે સમયે કોઈ તને શૌચાલયની અંદર થોડીવાર માટે જવાનું કહે, તો તું તે અપવિત્ર સ્થાનમાં જતો નથી. તેમ (૧) દેવલોકમાં ઉત્પન્ન થયેલા દેવો દિવ્ય દેવભોગોમાં આસક્ત થઈ જવાથી, (૨) માનવીય પ્રેમ દિવ્ય પ્રેમમાં

પરિવર્તિત થઈ જવાથી, (૩) હમણા જાઉં, હમણા જાઉં તેમ વિચારે તેટલા સમયમાં મનુષ્યલોકનો ઘણો સમય પસાર થઈ જતો હોવાથી અને (૪) મનુષ્યલોકની દુર્ગંધ ૫૦૦ યોજન સુધી ઉછળે છે, તે દુર્ગંધ અસહ્ય હોવાથી, આ ચાર કારણે દેવો મનુષ્યલોકમાં આવી શકતા નથી. **(૩) પરદેશી** – મેં કેટલાય પુરુષોને કોઠીમાં પુરી, કોઠીને પેક કરી, રેણમારી એકદમ બંધ કરી દીધી હતી. થોડા દિવસ પછી તે કોઠી ખોલીએ, તો તે પુરુષ મૃત્યુ પામ્યા હતા. જો આત્મા શરીરથી ભિન્ન હોય અને તે કોઠીમાંથી નીકળે, તો કોઠીમાં રાય જેવડું છીદ્ર કે નાનકડી તીરાડ તો પડવી જોઈએ, પણ તેમ થયું નથી. શરીર સાથે જીવ નાશ પામવાથી જ કોઠીમાં વાળ જેવડી પણ તીરાડ પડતી નથી. **કેશીસ્વામી** – સજ્જડ બંધ ઓરડામાંથી અવાજ બહાર નીકળે છે. અવાજ બહાર નીકળે ત્યારે દિવાલાદિમાં તિરાડ પડતી નથી. અવાજની જેમ જીવ કોઠીમાંથી બહાર નીકળી જાય છે. જીવ અપ્રતિહત ગતિવાળો છે. તે પૃથ્વીશિલા કે પર્વતમાંથી સોંસરવું નીકળી જવાનું સામર્થ્ય ધરાવે છે. **(૪) પરદેશી** – મેં કેટલાય અપરાધી, ચોર પુરુષોને મારીને તેના મૃત શરીરને કોઠીમાં નાંખી, કોઠીને પેક કરી દીધી હતી, થોડા દિવસ પછી તે કોઠી ખોલતા, તે મૃત શરીરમાં હજારો કીડા

ખદબદતા હતા. કીડાના જીવો કોઠીમાં પ્રવેશે, ત્યારે કોઠીમાં છિદ્ર કે તીરાડ પડવા જોઈએ, પણ તેવું થયું નથી, તેથી કીડાઓના શરીર સાથે જીવની ઉત્પતિ કોઠીની અંદર જ થઈ છે. **કેશી સ્વામી** – નક્કર લોઢાના ગોળાને તું તપાવે, ત્યારે તે લોંખડના ગોળામાં છિદ્ર કે તીરાડ કર્યા વિના અગ્નિ પ્રવેશી જાય છે, લોખંડનો ગોળો અગ્નિમય બની જાય છે, તેમ કોઠીમાં છિદ્ર કર્યા વિના જીવ પ્રવેશી શકે છે. જીવ અપ્રતિહત (કોઈથી અટકે નહીં તેવી) ગતિવાળો છે. તે પર્વત, અગ્નિ, પાણીમાંથી પસાર થઈ શકે છે. **(૫) પરદેશી** – કોઈ નિપુણ યુવાન એક  સાથે પાંચ બાણ છોડી લક્ષ્યવેધ કરી શકે છે અને તે જ યુવાન બાલ્યવયમાં હોય, ત્યારે પાંચ બાણ ફેંકી લક્ષ્યવેધ કરી શકતો નથી. આત્મા અને શરીર એક હોવાથી શરીરના વિકાસ સાથે આત્મસામર્થ્યનો વિકાસ થાય છે અને તેથી બાલ્યવય અને યુવાવયમાં સામર્થ્યની ભિન્નતા દેખાય છે. **કેશીસ્વામી** – યુવાન પુરુષ પાસે નવા ધનુષ્ય, પ્રત્યંચા અને તીર હોય, તો એક સાથે પાંચ બાણ ફેંકી શકે છે પરંતુ જીર્ણ–શીર્ણ ધનુષ્ય હોય, તેની દોરી જીર્ણ થઈ ગઈ હોય અને તીર પણ બુઠા, જીર્ણ હોય, તો નિપુણ, કુશળ યુવાન એક સાથે પાંચ બાણ છોડી લક્ષ્યવેધ કરી શકતો નથી. સાધનની જીર્ણતા તથા

અપર્યાપ્ત ઉપકરણોના કારણે તે યુવાન પોતાનું સામર્થ્ય બતાવી શકતો નથી. તેમ બાલ્યાવસ્થામાં આવડત રૂપ ઉપકરણની ખામી છે, તેથી બાળક પાંચ બાણ ફેંકી શકતો નથી. (૬) **પરદેશી** – કોઈ યુવાન સીસા કે લોંખડના ભારને સહેલાઈથી ઉપાડી શકે છે અને તે જ યુવાન વૃદ્ધ થઈ જાય, ત્યારે તે લોંખડ વગેરેના ભારને ઉપાડી શકતો નથી. યુવાન અને વૃદ્ધ બંનેનું સામર્થ્ય એક સરખું રહે તો, શરીર–આત્માને ભિન્ન માની શકાય. આ તો શરીર ક્ષીણ થવાથી આત્મા પણ ક્ષીણ થઈ જાય છે અને તેથી વૃદ્ધ પુરુષ ભાર ઉપાડી શકતો નથી. **કેશીસ્વામી** યુવાન પુરુષ પણ જૂના ખવાઈ ગયેલા, ઘસાઈ ગયેલા ટોપલા દ્વારા ભાર ઉપાડી શકતો નથી. તેના ઉપકરણો જીર્ણ હોવાથી ભાર ઉપાડવામાં સમર્થ થતા નથી, તેમ વૃદ્ધ પુરુષનું શરીર રૂપી ઉપકરણ–સાધન જીર્ણ થઈ ગયું છે તેથી તે ભાર વહન કરી શકતા નથી. (૭) **પરદેશી** – મેં કેટલાય જીવતા પુરુષોનું વજન કર્યુ છે અને પછી તેના એક પણ અંગોપાંગનું છેદન ન થાય, તે રીતે મારી નાંખીને તેના મૃત શરીરનું વજન કર્યું, તો બંનેના વજનમાં અંશમાત્ર તફાવત પડયો નથી. જો શરીરમાંથી જીવ નીકળી જાય, તો મૃત શરીરનું વજન જીવિત શરીર કરતાં ઓછું થવું જોઈએ, પણ તેમ થયું નથી.

જીવિત–મૃત પુરુષના વજનમાં જરા પણ વધ–ઘટ થતી નથી, માટે જીવ અને શરીરને હું એક માનું છું. **કેશીસ્વામી** – જેમ ખાલી મશક અને હવા ભરેલી મશકના વજનમાં ફેર પડતો નથી. તેમ મૃત–જીવિત શરીરના વજનમાં ફેર પડતો નથી. જીવમાં અગુરુલઘુ નામનો ગુણ છે. જીવ હળવો પણ નથી અને ભારે પણ નથી, જીવને કોઈ વજન નથી, તેથી જીવ ચાલ્યા જવાથી મૃત શરીરનું વજન ઘટતું નથી. **(૮) પરદેશી–** મેં કેટલાય પુરુષોનું ચારેબાજુથી નિરીક્ષણ કર્યુ પણ મને જીવ દેખાયો નહીં, ત્યાર પછી તે પુરુષના બે ઊભા ટુકડા કરી, નિરીક્ષણ કર્યું, ત્યાર પછી ત્રણ, ચાર, પાંચ, દશ વગેરે ઘણા–ઘણા ટુકડા કરી તપાસ્યા પણ મને કયાંય જીવ દેખાયો નથી, તેથી હું માનું છું કે જીવ અને શરીર એક જ છે. **કેશીસ્વામી** – તું પેલા અક્કલહીન કઠિયારાની જેમ મૂઢ છો. એકવાર ઘણા કઠિયારાઓ લાકડા લેવા જંગલમાં ગયા, સાથે એક પાત્રમાં અગ્નિ લેતા ગયા. લાકડા શોધવા જંગલનાં ઊંડાણમાં જતાં સમયે, તેઓએ એક કઠિયારાને ત્યાં રાખીને બધા માટે રસોઈ બનાવી રાખવાનું કહ્યું. તેઓએ સૂચના આપી કે કદાચ આ પાત્રનો અગ્નિ ઓલવાઈ જાય, તો આ લાકડામાંથી અગ્નિ મેળવી ભોજન બનાવજે, આ પ્રમાણે કહી તેઓ જંગલમાં ચાલ્યા ગયા.

પાત્રનો અગ્નિ ઓલવાઈ ગયો એટલે રસોઈ બનાવવાનો સમય થતાં તે કઠિયારાએ પેલા માણસોએ આપેલું લાકડું લીધું, તેને ચારે બાજુથી જોયું પણ અગ્નિ દેખાયો નહીં એટલે તેના બે, ત્રણ, ચાર, ઘણા ટુકડા કરીને જોયું, પણ અગ્નિ મળ્યો નહીં અને તેણે રસોઈ બનાવી નહીં. જંગલમાંથી પેલા કઠિયારાઓ આવ્યા, ત્યારે પેલા માણસ દ્વારા અગ્નિ ન મળ્યાનું જાણી, એક ડાહ્યા કઠિયારાએ તે લાકડાના એક ટુકડાને લઈ છોલી સળી જેવું બનાવી અરણીના બીજા લાકડા સાથે ઘસી અગ્નિ ઉત્પન્ન કર્યો. અગ્નિશોધક તે કઠિયારાની જેમ હે પરદેશી ! જીવને જોવા તે શરીરના ટુકડેટુકડા કર્યા. અરણીના લાકડામાં કે તેના ટુકડામાં અગ્નિ દેખાતો નથી, તેને ઘસવાથી અગ્નિ પ્રગટ થાય છે, તેમ શરીરમાં કે તેના ટુકડામાં જીવ દેખાતો નથી. જીવ અરૂપી અને ચક્ષુ અગ્રાહ્ય છે. **(૯) પરદેશી** – હે ભંતે ! તમો સમયજ્ઞ, દક્ષ છો. શરીરમાંથી જીવને બહાર કાઢીને શું તમે, મને હાથમાં રાખેલા આમળાની જેમ જીવ બતાવી શકશો ? **કેશીસ્વામી** – હે પરદેશી ! આ વૃક્ષ, તૃણ, છોડ હલે છે, કંપે છે, ડોલે છે, નમે છે, ફરફરે છે, તે તને દેખાય છે, તેને દેવ, યક્ષ કોણ હલાવે છે ? **પરદેશી** – તેને દેવ નહીં પણ પવન હલાવે છે. **કેશીસ્વામી** – તે

વાયુને તું જોઈ શકે છે ? **પરદેશી** – ના, વાયુ દેખાતો નથી. **કેશીસ્વામી** – હે પરદેશી ! તું રૂપી, મૂર્ત, સશરીરી વાયુને જોઈ શકતો નથી, તો ઈંદ્રિયાતીત, અમૂર્ત જીવને હું હાથમાં રાખેલા આંબળાની જેમ કેમ બતાવી શકું ? અર્થાત જેમ વાયુ દેખાય નહીં પણ અનુભવાય છે, તેમ જીવ આંખથી દેખાય નહીં, પણ તે અનુભવનો વિષય છે.

**(૧૦) પરદેશી** – હાથી તથા કુંથુવાનો જીવ એક સરખો હોય તો મોટા–નાના શરીરમાં કેમ સમાઈ શકે ? જો શરીર અને આત્મા અભિન્ન હોય, શરીર સાથે આત્માની ઉત્પતિ થતી હોય તો જ હાથીના શરીરમાં તેટલો મોટો આત્મા સમાઈ શકે. **કેશીસ્વામી** – કોઈ મોટા ઓરડામાં દીપકને મૂકવામાં આવે, તો તે આખા ઓરડાને પ્રકાશિત કરે છે. તેના ઉપર ટોપલો, તપેલી વગેરે ઢાંકવામાં આવે, તો તે પ્રકાશ તેટલા ક્ષેત્રમાં સમાઈ જાય છે, તેટલા જ ક્ષેત્રને પ્રકાશિત કરે છે. મોટું પાત્ર ઢાંકવામાં આવે, તો મોટા ક્ષેત્રમાં અને નાનું પાત્ર ઢાંકવામાં આવે, તો નાના ક્ષેત્રમાં પ્રકાશ સમાઈ જાય છે, પ્રકાશ સંકોચ– વિસ્તાર પામી શકે છે, તેમ જીવના આત્મપ્રદેશોમાં સંકોચ–વિસ્તારનો ગુણ છે. મોટું શરીર હોય, તો આત્મપ્રદેશો વિસ્તાર પામે છે અને નાનું શરીર હોય, તો આત્મપ્રદેશો સંકોચાઈ જાય છે. હે

પરદેશી ! માટે તું સ્વીકાર કે જીવ અને શરીર જુદા–જુદા છે.

**પરદેશી** – મારા દાદા, મારા પિતાની આ જ માન્યતા હતી, કુળપરંપરાથી ચાલી આવતી આ માન્યાતાને હું છોડવા ઈચ્છતો નથી. **કેશીસ્વામી** – ધનના અર્થી પુરુષો ધન કમાવા નીકળ્યા. એક અટવી પસાર કરતા રસ્તામાં એક લોખંડની ખાણ આવી. બધાએ ગાડામાં લોખંડ ભરી લીધું, આગળ જતાં સીસાની ખાણ આવી, બધાએ લોખંડ કાઢી સીસુ ભર્યુ. એક વણિક દૂરથી લોંખડને વહન કર્યું હોવાથી લોખંડને છોડવા તૈયાર ન થયો અને તેણે લોખંડ કાઢી સીસુ ભર્યું નહીં. આગળ જતાં અનુક્રમે ચાંદી, સોના અને રત્નોની ખાણો આવી. બધાં અલ્પમૂલ્યવાન વસ્તુ છોડી મૂલ્યવાન વસ્તુ ગ્રહણ કરતાં ગયા અને પેલા વણિકે લોંખડ જ ભરી રાખ્યું. ગામમાં આવી તે માલ વેચતા અન્ય વણિકો ઘણું ધન કમાયા અને મહેલમાં વૈભવથી રહેવા લાગ્યા, ત્યારે લોખંડ લાવનારો વણિક પસ્તાવો કરવા લાગ્યો. હે પરદેશી ! જો તું કુળપરંપરા કહીને તારી મિથ્યા માન્યતા છોડીશ નહીં, તો પેલા લોહવણિકની જેમ તારે પસ્તાવાનો વારો આવશે.

આખરે પરદેશી રાજાએ સત્ય વાતનો સ્વીકાર કરતાં કહ્યું પ્રભુ ! મારે લોહવણિકની જેમ પસ્તાવું નથી. આપ મને કેવળી પ્રરૂપિત ધર્મ સમજાવો. ત્યારે કેશી સ્વામીએ પરદેશી રાજાને મુનિધર્મ અને ગૃહસ્થધર્મનો ઉપદેશ આપ્યો અને પરદેશી રાજાએ ગૃહસ્થધર્મ – શ્રાવકના વ્રત અંગીકાર કર્યા અને શ્વેતાંબિકા નગર તરફ જવા તત્પર બન્યો. ત્યારે કેશી સ્વામીએ પરદેશી રાજાને વિનય ધર્મની પ્રેરણા આપતા પૂછ્યું– હે પરદેશી ! ત્રણ પ્રકારના આચાર્યનો કેવી રીતે વિનય કરવો જોઈએ ? તે તું જાણે છે ? **પરદેશી** – હા, ભંતે ! કલાચાર્ય અને શિલ્પાચાર્યને માલીશ, સ્નાન કરાવી, પુષ્પ, વસ્ત્ર, આભૂષણો આપી આદરપૂર્વક જમાડવા, વિપુલ પ્રીતિદાન આપવું, તે તેમનો વિનય છે. ધર્માચાર્યને વંદન– નમસ્કાર કરવા, પર્યુપાસના કરવી, બહુમાન ભાવ રાખવો અને નિર્દોષ આહારાદિ આપવા તે તેમનો વિનય છે. **કેશીસ્વામી** – હે પરદેશી ! તું આવા પ્રકારના વિનયને જાણતો હોવા છતાં અત્યાર સુધી તે ધર્માચાર્ય પ્રતિ પ્રતિકૂળ વ્યવહાર તથા પ્રવૃત્તિ કરી છે, તેની ક્ષમા માગ્યા વિના શ્વેતાંબિકા નગર તરફ જવા કેમ તત્પર બન્યો છે ? **પરદેશી** – હે ભગવાન !

મને એમ વિચાર આવ્યો કે આવતી કાલે સવારે અંતઃપુર તથા પ્રજાજનો સહિત આપ દેવાનુપ્રિય પાસે આવી મારા અવિનયની ક્ષમા યાચના કરીશ.

બીજા દિવસે પરદેશી રાજા સૂરિકંતા રાણી તથા વિશાળ જનસમુદાય સાથે કેશીસ્વામી પાસે આવ્યા. કેશી સ્વામીએ બધાને ધર્મોપદેશ આપ્યો અને રમણીય રહેવાની હિતશિક્ષા આપી કે નૃત્યશાળામાં નૃત્ય થતું હોય, ત્યારે તે રમણીય લાગે છે પછી નૃત્ય, ગીત પૂર્ણ થઈ જતાં તે અરમણીય લાગે છે. તેમ તું અત્યારે ધર્મથી રમણીય બન્યો છે, ધર્મને સાચવીને તેવો જ રમણીય કાયમ બની રહેજે. અરમણીય થઈશ નહીં.

તે સમયે પરદેશી રાજાએ ધર્મને આચરણમાં મૂકી પોતાની સર્વ સંપત્તિના ચાર ભાગ કરી, તેમાંથી ચોથો ભાગ દાનધર્મ માટે ફાળવ્યો. એક ભાગ સેના–વાહન માટે, એક ભાગ રાજભંડાર માટે, એક ભાગ પરિવાર નિર્વાહ માટે રાખ્યો અને તત્પશ્ચાત સંયમ અને તપથી આત્માને ભવિત કરતા રહેવા લાગ્યા. અષ્ટમી, પૂર્ણિમાના પૌષધ આદિ ધર્મમય વાતાવરણમાં સમય વ્યતીત કરતાં રાજાની કામવાસના અને એશઆરામની વૃત્તિઓ સમાપ્ત થઈ ગઈ.

પરદેશી રાજા તરફથી ભોગ પૂર્તિ ન થતાં સૂરિકંતા રાણી અકળાવા લાગી. સૂરિકંતા રાણી વિચારવા લાગી કે રાજા શ્રમણોપાસક બન્યા છે. ત્યારથી રાજ્ય, રાષ્ટ્ર અને અંતઃપુર તથા મારાથી પણ ઉદાસીન થઈ ગયા છે, તો કોઈ પણ શસ્ત્રપ્રયોગથી રાજાને ઠેકાણે પાડી રાજકુમારને ગાદી સોંપી રાજયલક્ષ્મીનો ઉપભોગ કરવો, તે મારા માટે શ્રેષ્ઠ છે. તેણે સૂરિકંતકુમારને તે કાર્ય કરવા કહ્યું પણ રાજકુમાર માતાના આવા ક્રૂર વિચાર સાથે સમંત ન થયો, ત્યારે રાણીએ રાજકુમાર રહસ્ય ખુલ્લું કરે, તે પહેલાં જ તક જોઈ રાજાના વસ્ત્ર, અલંકાર વિષયુકત બનાવી દીધા. રાજા છઠના પારણે ભોજન માટે બેઠા, ત્યારે વિષમિશ્રિત ઘાતક ભોજન પીરસ્યું. આવું વિષાકત ભોજન કર્યા પછી થોડી જ પળોમાં રાજાના શરીરમાં તીવ્ર, કર્કશ વેદના ઉત્પન્ન થઈ. શરીરમાં વેદના ઉત્પન્ન થતાં જ રાજાને રાણીના કાળા કાવતરાની જાણ થઈ ગઈ, પરંતુ ક્ષમાભાવ ધારણ કરી, રાણી પ્રત્યે જરા પણ દ્વેષ ન કરતાં પૌષધશાળામાં જઈ સુખાસને બેસી, સિદ્ધ ભગવાનને નમસ્કાર કરી, ધર્માચાર્ય કેશીકુમાર શ્રમણને ભાવવંદન કરી, અનશન વ્રતને અંગીકાર કરી, અતિચારો (દોષો) ની આલોચના કરી, સમાધિ ભાવ સાથે

મૃત્યુ પામ્યા અને સૂર્યાભદેવે રૂપે ઉત્પન્ન થયા. ત્યાં ચાર પલ્યોપમનું આયુષ્ય ભોગવી મહાવિદેહક્ષેત્રમાં ઉત્તમકુળમાં દઢપ્રતિજ્ઞ તરીકે જન્મ ધારણ કરી યુવાવયમાં જ સંયમ અંગીકાર કરી, કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સિદ્ધ, બુદ્ધ અને મુકત થશે.

# શ્રી આગમ સૂત્ર

**❖ અંગસૂત્ર-૧૧ ❖**

૧) શ્રી આચારાંગ સૂત્ર
૨) શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
શ્રી સૂયગડાંગ સૂત્ર
૩) શ્રી સ્થાનાંગ સૂત્ર
શ્રી ઠાણાંગ સૂત્ર
૪) શ્રી સમવાયાંગ સૂત્ર
૫) શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર
શ્રી ભગવતી સૂત્ર
૬) શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
૭) શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
૮) શ્રી અંતકૃતદશાંગ સૂત્ર
શ્રી અંતગડ સૂત્ર
૯) શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર
શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર
૧૦) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર
૧૧) શ્રી વિપાક સૂત્ર

શ્રી દષ્ટિવાદ સૂત્ર
(ઉપલબ્ધ નથી)

**❖ ઉપાંગસૂત્ર-૧૨ ❖**

૧૨) શ્રી ઔપપાતિક સૂત્ર
શ્રી ઉવવાઈ સૂત્ર
૧૩) શ્રી રાજપ્રશ્નીય સૂત્ર
શ્રી રાયપસેણીય સૂત્ર
૧૪) શ્રી જીવાજીવાભિગમ સૂત્ર
૧૫) શ્રી પ્રજ્ઞાપના સૂત્ર
શ્રી પન્નવણા સૂત્ર
૧૬) શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૭) શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૮) શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૯) શ્રી નિરયાવલિકા સૂત્ર
૨૦) શ્રી કલ્પવતંસિકા સૂત્ર
શ્રી કપ્પવડંસિયા સૂત્ર
૨૧) શ્રી પુષ્પિકાસૂત્ર
શ્રી પુપ્ફિયા સૂત્ર
૨૨) શ્રી પુષ્પચૂલિકાસૂત્ર
શ્રી પુપ્ફચૂલિયા સૂત્ર
૨૩) શ્રી વૃષ્ણિદશા સૂત્ર
શ્રી વહ્નિદશા સૂત્ર

**❖ મૂળસૂત્ર-૪ ❖**

૨૪) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
૨૫) શ્રી દશવૈકાલિક સૂત્ર
૨૬) શ્રી નંદી સૂત્ર
૨૭) શ્રી અનુયોગદ્વાર સૂત્ર

**❖ છેદસૂત્ર-૪ ❖**

૨૮) શ્રી નિશીથ સૂત્ર
૨૯) શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર
૩૦) શ્રી બૃહત્કલ્પ સૂત્ર
૩૧) શ્રી વ્યવહાર સૂત્ર

૩૨) શ્રી આવશ્યક સૂત્ર

## પ્રકાશક


શ્રીમતી સોનલબેન યોગેશભાઈ અજમેરા  શ્રીમતી પારૂલબેન કેતનભાઈ અજમેરા
શ્રીમતી સ્મિતાબેન મિલનભાઈ અજમેરા


## સૌજન્ય


અમ આત્મશુદ્ધિના પ્રેરક, શ્રદ્ધા-ધ્યાન માર્ગના માર્ગદર્શક તથા અમ કલ્યાણમિત્ર પૂ. પિતાશ્રી સ્વ. રસિકલાલ ચંદુલાલ અજમેરાની સ્મૃત્યર્થે

માતુશ્રી વિજયાબેન રસિકલાલ અજમેરા

સુપુત્રોઃ સ્વ. શ્રી યોગેશભાઈ રસિકલાલ અજમેરા

શ્રી કેતન રસિકલાલ અજમેરા  શ્રી મિલન રસિકલાલ અજમેરા

શ્રીમતી હિના નિમેષ કોઠારી


## પ્રાપ્તિ સ્થાન


શ્રી મિલન અજમેરા
૧૦૦૧, જુહુ અંકુર, ગુલમોહર ક્રોસ રોડ નં. ૧૦, જેવીપીડી સ્કીમ,
સુજય હોસ્પીટલની સામે, મુંબઈ - ૪૦૦ ૦૪૯. Mob.: 9322401398

શ્રી બકુલભાઈ કોઠારી
બકુલ ઓપ્ટીકલ્સ,
૨૦, ન્યૂ જાગન્નાથ મેઈન રોડ,
રાજકોટ, Mob.: 9824312269

પાવનધામ
BCCI ગ્રાઉંડ પાસે, પાવનધામ માર્ગ,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૭
Mob.: 93230 04544/9619596869

પરમ પ્રિંટર્સ - 9825193988

◆ કિંમત રૂ. 300/-  ◆ શ્રુત સેવાર્થે કિંમત રૂ. ૧૦૦/-